સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ગુંડા-શક્તિમાનો રાજનીતિમાં ફાલ્યા કરે!
જુઠ્ઠા-લપોડશંખો પણ અહીં ચાલ્યા કરે!
મહાલ્યા કરે સત્તામાં મદ-મસ્તીમાં અંધ -
'સત્યમેવ જયતે' નો વિરહ ચાલ્યા કરે!

હાઈકુ

બહુમતિમાં,
મુક્ત છે લોકશાહી -
જામીન પર!!

હસો કે રડો!
દંભી થોબડે, પણ -
પટાવો પૂંછ!!

ચિંતન

કિં તયા ક્રિયતે ધેન્વા યાન દોગ્ધી ન ગર્ભીણી ।
કો અર્થ પુત્રેણ જાતેન યો ન વિદ્વાન ન ભક્તિમાન ॥

'ચાણક્ય નીતિ'નો શ્લોક છે :

'જે પ્રમાણે દૂધ ન આપનારી અને ગર્ભ ધારણ ન કરી શકનારી - વસૂકી ગયેલી ગાય હોય કે ન હોય, તેને રાખવાથી કોઈ લાભ નથી તેમ જો પુત્ર વિદ્વાન ન હોય અને માતાપિતાની સેવા ન કરનારો - આજ્ઞાંકિત ન હોય તો તેનાથી કોઈ લાભ નથી - અર્થાત્ હોય ન હોય કોઈ ફેર ફડતો નથી.'

સેવાભાવી - સંસ્કારી-સંતાન માતાપિતાનો સંતોષ છે. એમની આજ્ઞાકારીતા જ મોટું આશ્વાસન છે. પાછલી વયનો ટેકો છે. જીવન જીવવાનો વિશ્વાસ છે અને ટકી રહેવા માટેનો આધાર છે.

અહીં વસૂકી ગયેલી ગાયનું દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવી છે.

સુવિચાર

- સુખ આવ્યા પછી જાય નહીં એનું નામ 'આત્માનું સુખ' - **ઝેન કથન**
- નસીબને પણ સતત ચમકાવતા રહેવું પડે છે...
  નહીંતર નસીબને પણ કાટ લાગી શકે છે - **જર્મન કહેવત**
- જીંદગી એક ગરગડી પર વીંટળાયેલી દોરડી જેવું છે...
  જેમ જેમ છેડો નજીક આવે તેમ વધારે ઝડપથી ભાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધર્મસ્થાન એ પરોક્ષ મોક્ષનું કારણ છે - **જનકલ્યાણ**
- માણસને પસ્તાવો બે પ્રકારનો થાય છે...
  (૧) કંઈક ખોટું કર્યાનો... અને (૨) કશુંક સારું ન કરી શકવાનો - **માનસસૂત્ર**
- નવયુવાનો ફુલછોડ છે.. એમની પાસે સુગંધ છે.. ઘરડાં મા-બાપ ઘટાદાર વૃક્ષો છે એમની પાસે શીતળ છાંયડો છે... સુગંધ અને છાંયડો સંપીને રહે તો ધરતી પર જ સ્વર્ગ અને વૈકુંઠ છે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : દાડમના સેવનથી સગર્ભાની ઉલ્ટી શાંત થાય છે. **(સંકલન : દીપક વી. આસરા)**

બોધકથા

જીવનમાં ધર્મનો અર્થ જ છે સેવા અને કર્તવ્યનિષ્ઠ જીવન. સત્ય પથ પર ચાલવું એ જ ધર્મ છે. જીવનનું સત્ય અને મર્મ પણ એ જ છે. એક યુવાન 'સત્ય'ની શોધ માટે એક પ્રસિદ્ધ મહાત્માના આશ્રમમાં આવ્યો. ત્યાં યોગની તાલીમ સાથે રોગીઓની સારવાર પણ થતી હતી. આશ્રમમાં સુંદર-સ્વચ્છ બગીચા હતા. બધા માટે શુદ્ધ-સાત્ત્વિક રસોઈ હતી - આ બધું જ કામ આશ્રમના શિષ્યો જ કરતા.

યુવકે સંતને કહ્યું, હું 'સત્ય'ની શોધ માટે આવ્યો છું. મને સત્ય સમજાવો! સંત કહે - તું આશ્રમમાં થોડો સમય રહે. બગીચાના છોડને કૂવામાંથી પાણી સીંચીને આપ રસોડામાં વાણસ ઘસવામાં મદદ કર. આશ્રમની સફાઈ કર.

સંત કંઈ પણ આગળ બોલે એ પહેલાં જ યુવાન બોલી ઉઠ્યો - મહારાજ! હું નોકરી શોધવા નથી નીકળ્યો. સત્ય શોધવા નીકળ્યો છું... સંતે સ્મિત સાથે કહ્યું - ત્યારે જા, ભાઈ અહીં તારું કામ નથી. બહાર 'સત્ય' શોધ - મળે ત્યારે જિંદગીના પાછલાં વર્ષોમાં મને પણ 'સત્ય' સમજાવજે...

પાંચ રાજ્યોની ચૂંટણીમાં નેતાઓની પરીક્ષા

આગામી દિવસો દરમિયાન દક્ષિણ ભારતના અને દેશના સો ટકા સાક્ષર રાજ્ય કેરળ ઉપરાંત દ્રવિડ રાજ્ય તમિલનાડુ અને પૂર્વોત્તરના આસામ તથા પશ્ચિમ બંગની વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. પોંડીચેરી હવે પુડુચેરીના નામે ઓળખાય છે. તે કેન્દ્રશાસિત પ્રદેશ છે. ત્યાં પણ વિધાનસભાની ચૂંટણી જાહેર કરાઈ છે. આ ચૂંટણીઓ વધુ એક 'ટેસ્ટ કેસ' જેવી નીવડશે. દક્ષિણનાં રાજ્યો કે જ્યાં ભાજપ માટે લગભગ પ્રવેશબંધી જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ત્યાં એ સત્તા પર તો નહીં જ આવી શકે, પરંતુ સહયોગી પાર્ટીઓની સાથે સત્તામાં ભાગીદારી કરવા આકાશપાતાળ એક કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં એક જબરદસ્ત 'કિલિંગ ઈંસ્ટિંક્ટ' છે - એ ધારે તેને ધૂળ ચટાડવામાં માહેર છે. એમણે લોકસભામાં કોંગ્રેસને પરાસ્ત કર્યા પછી હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, રાજસ્થાન વગેરે મહત્ત્વનાં રાજ્યોમાં કોંગ્રેસને હાંસિયે

તંત્રીસ્થાનેથી...

ધકેલી દેવામાં સફળતા મેળવી છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિજય પૂરતો શિવરાજસિંહને અને ડૉ. રમણસિંહને જશ આપી શકાય, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં કલ્પનાતીત સફળતા તેમજ સત્તામાં ભાગીદારી માટે તો નરેન્દ્ર મોદીને જ જશ આપવો પડે. દિલ્હી અને બિહારમાં મળેલી પીછેહટ પછી આવી રહેલી આગામી ચૂંટણીઓ નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા માટેનો વધુ એક લિટમસ ટેસ્ટ બની રહેશે. તમિલનાડુમાં જયલલિતાનું શાસન ટકી રહે એમાં જ મોદીને રસ હોય. એ જ રીતે કેરલમાં કોંગ્રેસ સત્તા પર ન આવે એ જ એમનું લક્ષ્ય હશે. ભાજપ માટે આસામની ચૂંટણી જીતવાની ઉત્તમ તક છે. આસામ ગણ પરિષદ સાથે ગઠબંધન રચીને લડાનારી આ ચૂંટણી જીતવા માટે મોદી-શાહની બેલડી એડી ચોટીનું ઝોર લગાવશે. આસામમાં કોંગ્રેસના લોકપ્રિય મુખ્યમંત્રી તરુણ ગોગોઈ છેલ્લી ત્રણ ત્રણ ટર્મથી સત્તા ભોગવીને થોડા અપ્રિય પણ બન્યા છે. પશ્ચિમ બંગમાં ૩૪ વર્ષ જૂના સામ્યવાદી શાસનને પરાજિત કરી મૂળ કોંગ્રેસમાંથી સ્વાભિમાનના મુદ્દે જુદાં પડેલાં તૃણમૂલ કોંગ્રેસનાં નેતા મમતા બેનરજીનું રાજ ચાલી રહ્યું છે. પરંતુ હિંદુત્વ અને સુશાસન જેવા મુદ્દાઓ ઉપરાંત વિકાસકૂચના રોલ મોડેલ ગણાતા નરેન્દ્ર મોદી પ્રત્યે આ બેઉ રાજ્યોમાં સારું એવું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે. બાંગ્લાદેશીઓને પશ્ચિમ બંગાળ અને આસામમાં મોટી સંખ્યામાં ઘુસણખોરી કરવાની તક સાંપડી છે. એ બધાને મતદાર યાદીમાં પણ સ્થાન મળતાં તે કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસની વોટબેંકોમાં ફેરવાઈ ગયેલ છે. આવા ઘુસણખોર તત્ત્વોને લીધે બેઉ રાજ્યોમાં શાસક પાર્ટીઓ તરફ સ્થાનિક પ્રજામાં રોષ ઊભો થયેલ છે. અવારનવાર થતાં સાંપ્રદાયિક ઘર્ષણોની તવારીખમાં આસામમાં કોમી તોફાનો ઉમેરાયાં છે, જેને કારણે હિંદુત્વવાદી પરિબળો ધ્રુવીકરણના કાર્યક્રમમાં સફળ થાય એવી શક્યતા નકારી શકાય એમ નથી. અલબત્ત, આસામમાં ભાજપ સ્થાનિક આસામ ગણપરિષદના સહયોગથી કોંગ્રેસ સામે સત્તાના પ્રબળ દાવેદાર તરીકે ઊપસી રહ્યું છે, જેની ખુદ કોંગ્રેસના હાઈકમાંડને ઊંડી ચિંતા છે. મમતાના ગઢમાં ગાબડાં પાડવા માટે ડાબેરીઓ, કોંગ્રેસ અને ભાજપ-ત્રણે પરીબળો ટાંપીને બેઠાં છે. દીદી માટે આ ચૂંટણી એમના અસ્તિત્વની લડાઈ બની રહેવાની છે.

ભારતમાં પક્ષીઓને ગેરકાયદેસર વેપાર

ભારતીય વન્યજીવ અધિનિયમ - ૧૯૭૨ હેઠળ અનુસૂચિ-૧, ભાગ-૩ અને અનુસૂચિ-૪માં દર્શાવેલ પક્ષીઓનો વેપાર ગુનો બને છે. જેમાં ૩ થી ૭ વર્ષની કેદની સજા અને ૧૦,૦૦૦/- થી ઓછો નહીં તેટલો દંડની જોગવાઈ છે. તેજ પ્રમાણે કન્ઝર્વેશન ઑન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્ઝર્ડ સ્પેસીસ - સાઈટ્સ (CITES) હેઠળ વિદેશી પક્ષીઓના શિકાર પર પ્રતિબંધ છે તેમ છતાં આપણાં દેશમાં જોવા મળતાં અંદાજે ૧૨૦૦ જેટલી પક્ષીઓની જાતિઓ પૈકી ૩૦૦ જાતિઓના પક્ષીઓનો ગેરકાયદેસર વેપાર થાય છે.

જે ૩૦૦ જાતિઓના પક્ષીઓને ગેરકાયદેસર વેપાર થાય છે. તે પૈકી ૧૬ વિશ્વના અતિ ભયજનક હેઠળ પક્ષીઓની યાદીમાં સામેલ છે. ૩૬ જેટલી જાતિના પક્ષીઓ સાઈટીસની ભયજનક જાતિઓની યાદીમાં સામેલ છે અને ૬ જાતિઓ ઈન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઑફ નેચર એન્ડ નેચર રીસાર્સીસની રેડ ડેટા બુકની ભય હેઠળની યાદીમાં સામેલ છે.

આ પ્રકારના પક્ષીઓ ઉત્તર પૂર્વીય રાજ્યો, પર્વતીય અને વન વિસ્તારોમાંથી કે ગંગા નદીના સપાટ વિસ્તારો, બિહાર, ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં સપાટ મેદાનો હિમાલયના તટીય પ્રદેશો અને ભારતના ઉત્તરપ્રદેશ, ઓરિસા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણના દ્વિપકલ્પ ભાગમાંથી મોટી સંખ્યામાં પકડવામાં આવે છે અને નાના બોક્સમાં ભરીને ટ્રેન માફરતે શહેરોમાં પહોંચાડવામાં આવે છે. આ રીતના વાહતુક દરમિયાન ૬૦ ટકા જેટલા પક્ષીઓ તેમની પાંખો અને પગ તૂટી જવા કે ઈજા પામવાની

મૃત્યુ પામે છે. ભૂખ, તરસ, ભય, ગુંગળામણ પણ તેમના મૃત્યુનું કારણ બને છે. માર્ચ ૨૦૦૧માં મુંબઈ એરપોર્ટ પરથી ૧૦,૦૦૦ જેટલા પક્ષીઓ વિદેશમાં મોકલવા દરમિયાન પકડવામાં આવ્યાં હતા. પ્રતિ વર્ષ અડધો-અડધ પક્ષીઓના આ રીતના વહન દરમિયાન પકડવામાં આવતાં હોય છે.

મુંબઈનું કાઉફોર્ડ માર્કેટ આ પ્રકારના પક્ષીઓના વેપાર માટે પ્રસિદ્ધ છે. દર દરિવારે કલકત્તા શહેરના હોગા માર્કેટમાં પક્ષીઓનું વેચાણ કરવા માટે ૬૦૦૦ થી વધુ પક્ષીઓ સ્થાનિક વેપારીઓ મોકલાવે છે. જે આસપાસના બજારોમાં પહોંચે છે. દેશના ઘણાં બધાં શહેરોમાં આ રીતે પક્ષીઓનો ગેરકાયદેસર વેપારની હાટડીઓ ધમધમે છે. જેમાં લાંચ-રૂશ્વત, ધાક-ધમકી, છેતરપીંડી, કાયદાકીય છટકબારીઓનો ઉપયોગ થાય છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

ઉત્તરપ્રદેશ રાજ્યના લખનૌ શહેરના નખાશ માર્કેટમાં જંગલી કાગડા, રાફટર કબૂતર, વાઈલ્ડ રૂસ્ટર, ટર્કી, બતકો, લવબર્ડ જેવા પક્ષીઓ ખુલ્લેઆમ વેચાય છે. સહુથી વધુ નવાઈ પમાડનારી અને આઘાતજનક વાત તો એ છે કે ત્યાં તે જ રાજયમાં સારસ (Saras Crane) પણ વેચાય છે. આ પક્ષી વિશ્વનું ઊડી શકતું હોય તેવું ઊંચામાં ઊંચુ પક્ષી તો છે જ પણ તેને વન્યજીવ સંરક્ષણ ધારામાં અનુસૂચિ-૪માં મૂકીને ખાસ સંરક્ષણ અપાયું છે.

આ કારણોસર આપણાં દેશની પક્ષી સૃષ્ટિ ભય હેઠળ મુકાઈ ગઈ છે. સૌંદર્ય અને પારિસ્થિતિકી તંત્રમાં તેમનો પરાગનયન અને બીજ ફેલવામાં મહત્ત્વનો રોલ છે. તેને ગંભીર અસરો પડી રહી છે એવું કહી શકાય. તેના કારણે કેટલીક જાતના વૃક્ષોનો ઉગાવો પણ હવે ઘટી જવા પામ્યો છે.

પક્ષીઓને પણ તેમના મૂળભૂત અધિકારો છે. મુક્ત ગગનમાં ઉડવાનો તેમનો હક્ક છે જે કેટલાક સ્વાર્થી માણસોના કારણે છીનવાઈ રહ્યો છે. દિલ્હીની હાઈકોર્ટ દ્વારા આ વાતને મહત્ત્વ આપ્યું છે. સુપ્રિમકોર્ટ પણ આ બાબતે ખુબ જ ચિંતિત બની છે અને કોઈ ચોક્કસ ગાઈડ લાઈન બનાવવાનો આગ્રહ સેવી રહી છે.

સર્વ શક્તિમાન માનવજાત અન્ય જીવોના જીવનના અધિકારોનું હનન કયાં સુધી કરતી રહેશે...

"સુરક્ષા" થી જ આવશે "સમાનતા"...!!!

અત્યારે સિનેમાઘરોમાં હિન્દી ફિલ્મ 'નીરજા' ચાલી રહી છે, ઈનફેક્ટ ચાલી નહિ પણ દોડી રહી છે. એકલે હાથે ભયંકર ત્રાસવાદીઓ સાથે બાથ ભીડીને અનેકો મુસાફરોના જીવ બચાવનાર બહાદુર એરહોસ્ટેસ નીરજા ભનોતની કચકડે મઢેલી કહાની જોવા અને એને વખાણવા - આદર આપવા લોકોના ટોળેટોળા ટોકિઝોમાં ઉમટી પડે છે. હિન્દુસ્તાનની એક બહાદુર નારીએ વિશ્વને પોતાની બહાદુરીથી એક અનોખો મેસેજ આપેલો એ મેસેજને જીલવા અને બને તો આત્મસાત કરવા જનારા લોકોમાં પુરુષોનો પણ મહત્તમ ફાળો છે. ફ્રોમ સેલ્યુલોઈડ ટુ સોઈલ....! હરિયાણાના મુરથલમાં ફાટી નીકળેલા અનામત આંદોલનમાં બેકાબુ અને અક્ક્લવીહીન પુરુષોના ટોળાએ નિઃસહાય અને લાચાર નારીઓ - બહેનો - દીકરીઓની સરેઆમ આબરૂ-ઈજ્જત લુટી. ટોળાને અક્કલ નથી હોતી એવી કહેવત છે અને ખાસ તો જો એ ટોળું પુરુષોનું હોય અને સામે સ્ત્રી-નારી-અબળા હોય તો પછી અક્કલની સાથે સાથે ઈજ્જત-આબરૂ કે સમજદારી પણ નથી રહેતી. બંને ઘટનાઓ અલગ અલગ અને જુદા જ પરિમાણો દર્શાવે છે. નારીની સ્થિતિ ના જાણે કે બે સામસામે છેડાઓ... એક આજથી વર્ષો પહેલા બનેલી ઘટના તો બીજી હજુ હમણાં જ બનેલી..! પણ બંનેમાં... બહાદુરી અને લાચારી... નારાયણી અને નાચીઝ..... રણચંડી અને રાંક બન્નેના શેડ-કલર ડોકાય છે...!

આ વાંચતા હશો એના બે દિવસ પછી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની જોશ અને હોશભેર ઉજવણીઓ આખુયે વિશ્વ કરતું હશે. નારીઓના ગુણગાન ગવાતા હશે....ઈલ્કાબો અપાતા હશે...સન્માનો થતા હશે... આભાર પ્રકટ કરાતો હશે... અને ના જાણે શું શું થતું હશે..! પણ એ ઉજવણીના માહોલમાં પહેલા પેરેગ્રાફમાં લખ્યા એ બે અંતિમો ને હિન્દુસ્તાન ભૂલી જવાનું. નીરજા ને નિહાળવા સિનેમાઘરો છલકાવી દેતો સમાજ મોકો ને તક મળ્યે હરિયાણા જેવા કૃત્યો કરવામાં જરાયે પાછીપાની નથી કરતો. નો ડાઉટ નીરજા એકલે હાથે લડેલી નારીની અદ્‌ભૂત કહાની છે અને એ સાચી પણ છે, કિન્તુ એટલું જ નગ્ન સત્ય છે આચાર અને વિચારમાં ફરકનું હોવું. આ એ જ વર્ગના પ્રતિનિધિઓ છે જે નીરજાને વખાણી શકે છે પણ સાથે સાથે નિઃસહાય નારીઓની ઈજ્જત પણ લુટી શકે છે. જ્યાં સુધી આ આચાર અને વિચારનો તાલમેલ નહિ થાય ત્યાં સુધી સેલ્યુલોઈડ પર ગમે એટલી નીરજાઓ બહાદુરીની મીશાલો પેશ કરે એ બધી જ નક્કામી છે. સવાલ આદર કરતા સુરક્ષાનો વધુ છે. સુરક્ષા - સલામતી ત્યારે જ આવશે જયારે આચાર અને વિચાર બંને સરખા થશે. પણ એવું કેમનું અને શુકામ કરે? એવું કરે તો તો... પુરુષપ્રધાન સમાજ હોવાનો અનુચિત અને એકહથ્થુ અધિકાર નામનો ગરાહ લુંટાઈ નાં જાય?? એનીવે વાત ખાલી પુરુષોની નથી જ પણ સમગ્ર સમાજની છે અને પુરુષપ્રધાન સમાજ હોવાને નાતે અણીદાર સોય અંતે તો પુરુષોના પડખામાં જ ઘોચાવાની...!!!

પોઈન્ટ ટુ બી નોટેડ કે નારી ક્યારેય અબળા હતી જ નહિ અને હશે પણ નહિ અને એના પ્રમાણ માટે ઈતિહાસ જોઈ લેવાની છૂટ. અને જો ઈતિહાસ હારે બહુ નાતો નાં હોય તો વર્તમાનમાં અનેકો એવા દાખલાઓ મોજુદ છે જે સાબિત કરવા પૂરતા છે કે નારી અને ખાસ કરીને આજની નારી અબળા છે નહિ કે રહેશે પણ નહિ. નારી તુ નારાયણીની વાતો કરતા આ દેશમાં પુરુષો કે ઈન એ બ્રોડર વે સમાજના સહકાર કે ટેકા વગર પણ પોતાના પંખ વિકસાવીને સફળતાઓની અનેકો ઉંચી ઉડાનો ભરતી લાખો સ્ત્રીઓની પ્રેરક કહાનીઓ રોજબરોજ ટીવી કે છાપામાં જોઈ - સંભળાઈ રહી છે. બે દિવસ પછીના વિશ્વ મહિલા દિવસે આવી અનેક કહાનીઓ - ગાથાઓથી કોલમો - છાપો અને ટીવી સ્ક્રીનો છલકાઈ જવાના એ હકીકત છે. તો પછી કેમ સમાજમાં નીરજાઓ ઓછી અને હરિયાણા જેવા બનાવો વધુ બનતા જાય છે? જો નીરજા કે ઈવન સુનીતા વિલિયમ્સ, શાઈના નેહવાલ, મેરી કોમ કે એના જેવી અનેકો પ્રેરક નારીઓની યશગાથાઓ પ્રત્યે એટલો જ આદર હોય તો પછી વ્હાય હરિયાણા કે એવા બીજા જઘન્ય બનાવો હેપન્ડ ??

રઝળપાટ
અજય ઉપાધ્યાય

મૂળભૂત : મહિલા દિવસ મનાવવાનો ઉદ્દેશ મહિલાઓનું સન્માન, મહિલાઓ પ્રત્યે શ્રદ્ધા, મહિલાઓની રાજકીય-સામજિક-આર્થિક ઉપલબ્ધીઓને ઉજવવો એવો છે પણ આજે આટલા વર્ષો પછી પણ મહિલા દિવસ ઉજવવો પડે છે એનો એક અર્થ એ પણ છે કે હજુ આજે પણ મહિલાઓને મળતી આઝાદી, એમની સુરક્ષા, એમને મળતા અધિકારો, એમની સ્વતંત્રતા અને એમના પ્રત્યેના સામાજિક અહોભાવમાં ક્યાંક ને ક્યાંક કશુક ખૂટે છે. હમણાં જ અપાયેલા ઓસ્કાર એવોર્ડમાં એક પાકિસ્તાની શોર્ટ ડોક્યુમેન્ટ્રી ફિલ્મને બે ઓસ્કાર મળ્યા. પાકિસ્તાની સર્જકને મળેલા એ પ્રથમ ડબલ ઓસ્કાર હતા અને એ મેળવનારનું નામ છે શમીન ચિનોય. યસ એ એક મહિલા દિગ્દર્શક છે અને એની શોર્ટ ફિલ્મ " એ ગર્લ ઈન ધ રીવર : ધ પ્રાઈઝ ઓફ ફરગીવ્નેસ'નો વિષય હતો ૧૮ વર્ષની નાયિકા સબાને એના કુટુંબીજનો ઓનરકિલિંગના નામે ગોળી મારી નદીમાં ફેંકી દે છે અને એ જીવતી પાછી ફરે છે આ દર્દનાક કહાની કહેવા. આપણા હિન્દુસ્તાનમાં પણ ઓનર કિલિંગ જેવા મુદ્દે બહુ જાહેર અવેરનેસ અને ચર્ચાઓ કે પગલાઓનો અભાવ છે ત્યારે પાકિસ્તાન જેવા જનુની મુલ્કમાં ઓનરકિલિંગની વાત કહેવી જ એ આગળ કહ્યું એમ એ વાતની નિશાની છે કે સ્ત્રી અબળા તો નથી જ. એ સંપૂર્ણ સક્ષમ છે પોતાની વાત કહેવા અને જરૂર પડે તો એના માટે લડવા પણ. નોબેલ પારિતોષિક વિજેતા અને એક બીજી આવી જ હિમ્મતવાન પાકિસ્તાની મલાલા યુસુફઝાઈ આ વાતનું બીજું ઉદાહરણ છે.

વાત ફક્ત ઓનર કિલિંગ પુરતી સીમિત નથી કે ફક્ત મહિલા દિવસ ઉજવીને કે થોડીક સફળ મહિલાઓના સન્માનો કરીને કુલ વસ્તીમાં અરધોઅરધ સંખ્યા ધરાવતી મહિલાઓની સુરક્ષા અને એમના વિકાસમાં ખૂટતી કડીઓ સાથે આંખમીચામણા કરી શકીએ . આજે પણ ૯૨૭ :૧૦૦૦ નો રેશિયો ઉંચે લાવવા મહેનત કરવી પડે છે. આજે પણ 'બેટી બચાઓ - બેટી પઢાઓ' કે 'જહાં સોચ વહા શોચાલય' જેવા નારાઓ પોકારવા પડે છે. વિજ્ઞાન પોકારી પોકારીને કહે છે કે સરેરાશ મહિલાનું આયુષ્ય પુરુષ કરતા વધુ હોય છે પણ એ વધુ આયુષ્યને ઢંગપૂર્ણ રીતે જીવી શકે એવી સીસ્ટમ હજુ બની નથી - હા બની જરૂર રહી છે પણ અગેન સમાજ અને સામાજિક ભેદભાવો, લીગિક ભેદભાવો, મહિલા વિરોધી વિચારધારા અને આર્થિક ભેદભાવોથી પરે થઈને આ સીસ્ટમ સંપૂર્ણપણે ક્યારે લાગુ થશે એ કોઈ નથી જાણતું. અને જે પણ મહિલાઓ આ સીસ્ટમથી બહાર નીકળીને પોતાની પહેચાન બનાવી ચુકી છે એમાંથી પણ મોટાભાગની શહેરી છે કે જેની પાસે કશુક જ્ઞાન છે - હિમ્મત છે અને મોકળો માહોલ છે બાકી ગામડાઓમાં તો હજુ એ જ ઠેર ના ઠેર છે. નો ડાઉટ અગાઉ કરતા સ્થતિમાં થોડો ઘણો સુધારો થયો છે. વધુને વધુ મહિલાઓ બહાર આવી રહી છે - પોતાના પગ પર ઉભી થઈ રહી છે -

અનુસંધાન પાના નં. ૭ પર

૨૧મી સદી : નારીશક્તિનો યુગ કે નારી અસ્તિત્વનો? એક પ્રાણપ્રશ્ન

સ્ત્રી એ બ્રહ્માંડનું સૌથી મોટું રહસ્ય છે. સ્ત્રી માટે વેદો, પુરાણો અને શાસ્ત્રોમાં એવું કહેવાયું છે કે સ્ત્રીને દેવો સહિત કોઈ ઓળખી શક્યું નથી. ખૂદ સ્ત્રીના સર્જનહાર બ્રહ્મા પણ નહી. અને એટલે જ વેદોના સમયથી સ્ત્રીનું સામાજિક, રાજકીય અને પારિવારિક મૂલ્ય ઊંચું રહ્યું છે. જો કે સ્ત્રીઓને અબળા કહીને, ભોક્તા કહીને ઘરમાં ઘૂંઘટ પહેરાવી બેસાડી પણ રાખવામાં આવી છે. લાજ - શરમ, માન - મર્યાદા, સંસ્કાર, પરંપરાના નામે સ્ત્રીનું શોષણ પણ કરાયું છે. સ્ત્રીને ઘરનો ઊંબરો ઓળંગવા નથી દીધો. તો વળી એ જ સ્ત્રીએ "વિષકન્યા" બનીને ભલભલા પ્રતાપી રાજાઓને મૃત્યુને શરણે પણ ધરી દીધા છે. સ્ત્રી શક્તિથી આખેઆખા રજવાડા છિન્નભિન્ન થઈ ગયાના દાખલાઓ ઈતિહાસમાં જોવા મળે છે. જો કે સ્ત્રીઓ માટે આપણા શાસ્ત્રોમાં એના દૈહિક સૌન્દર્ય સિવાય ચારિત્ર્ય બાબતે જરાય સારું નથી લખાયું. અને તેથી જ આચાર્ય ચાણક્ય જેવાએ પણ લખવું પડ્યું છે કે " સ્ત્રીઓનો કદી વિશ્વાસ કરવો જોઈએ નહી " આમ છતાંય સ્ત્રી અંગેની વ્યાખ્યા - પરિભાષા, સમજ અને માન્યતા યુગે યુગે બદલાતી રહી છે. જે સ્ત્રી રામાયણ - મહાભારત યુગમાં હતી કે જે સ્ત્રી સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યથી લઈને બહાદુરશાહ ઝફર સુધી હતી કે જે સ્ત્રી નરસિંહ મહેતાથી લઈને દયારામ સુધી હતી કે જે સ્ત્રી નર્મદથી લઈને નરેન્દ્ર મોદી સુધી છે કે જે સ્ત્રી રૂપજીવિનીથી લઈને આલિયા ભટ્ટ સુધીની છે. આ સૌ સ્ત્રીઓનું પોતપોતાના સમયમાં આગવું અને આકર્ષક મહત્વ રહ્યું છે. પરંતુ આજે ઈન્ટરનેટ, ફેસબૂક, ટ્વીટર... વગેરેએ અનેક સારા ઘરની સ્ત્રીઓના ચારિત્ર્ય સામે અનેક સવાલો ઊભા કર્યા છે. પરિણામે આજે સ્ત્રી ચારિત્ર્યની વ્યાખ્યા અને સમજ શારીરિક ન રહેતા માનસિક સ્તરથી એને મૂલવવામાં આવે છે. આ યુગમાં સ્ત્રીનું શરીર કે પુરુષનું શરીર એકદમ ગૌણ બની ગયું છે. આજની આધુનિક સ્ત્રી કોઈપણ અજાણ્યા પુરુષ સાથે હસ્તધૂનન કરતા કે ભેટતા સહેજેય અચકાતી નથી. આવું બધુ એને મન સાહજિક છે. જો કે આજની નારીને પુરુષ સમોવડી બનવા માટે વ્યક્તિગત, પારિવારિક ને સામાજિક રીતે ઘણું બધું સહન કરવું પડે છે. ગુમાવવુ પડે છે. એ પણ એક હકિકત છે. આજની યુવતી પોતાની કારકિર્દી બનાવવા ગમે તે કરવા તૈયાર હોય છે. અને આ માટે સ્ત્રી પાસે એના શરીરથી મોટું બીજુ કોઇ હથિયાર નથી. સ્ત્રી તરીકેનું સ્ત્રીત્વ પણ ઘણી વખત હોડમાં મૂકવું પડે છે. એવી સ્થિતિ પણ સર્જાય છે.

આ ૨૧મી સદી છે. સ્ત્રી અને પુરુષના અગાઉની સદીમાં જે બંધનો હતા, રીત રિવાજો. માન મર્યાદા અને આપસી સંબંધો હતા તેનું આ નવી સદીમાં ઊધ્વીકરણ થઈ ગયું છે. સ્ત્રી સાહસિક અને નીડર બની છે. ઘરની બહાર નીકળી નોકરી કરતી થઈ છે. આખા પરિવારની જવાબદારી ઉઠાવતી થઈ છે. આનું સૌપ્રથમ કારણ છે " મહિલા જાગૃતિ અને શિક્ષણ" ગુજરાતમાં સ્ત્રી શિક્ષણની સુવિધાઓ વિશેષરૂપે હોવાથી પ્રત્યેક ઘરની યુવતીઓ શાળા - કૉલેજનું શિક્ષણ લેતી થઈ છે. જેને કારણે નારી વિકાસ અને મહિલા સશક્તિકરણ જેવી યોજનાઓને નક્કર રૂપ આપવામાં આવ્યું અને રાજ્ય સરકારે પણ મહિલા જાગૃતિ અને શિક્ષણને વિકાસની દૃષ્ટિએ જોઈ એને પ્રોત્સાહન આપવા વિવિધ યોજનાઓ બનાવી છે.

હમણા થોડા સમય પહેલા જ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મહિલા આયોગ અને જુદા જુદા ૧૧ રાજ્યોના મહિલા આયોગ - અધ્યક્ષા, એમના પ્રતિનિધિઓ સાથે એક સંવાદાત્મક બેઠક યોજાઈ હતી જેમાં નારી સામર્થ્ય અને સન્માનની વાતો કરવામાં આવી હતી.

આમ જોઈએ તો નારી શક્તિના ઉદાહરણરૂપે ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી મતી આનંદીબેન પટેલની વિકાસયાત્રા આપણી સમક્ષ છે જ. જેને પરિણામે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતની મહિલાઓ વિકાસકમમાં ખૂબ આગળ છે. આજે પોલીસખાતામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવામાં આવે છે. આજે અનેક યુવતીઓ આઈ.પી.એસ - પોલીસ કમિશનર બનીને નારી પ્રશ્નો સંવેદનશીલતાના સ્તરે ઉકેલે છે. ગાંધીનગર સ્થિત કવયિત્રી અને આઈ.જી શ્રી ડૉ. મીરાં રામનિવાસ આ સ્ત્રી શક્તિનું સૌથી મોટું ઉદાહરણ છે. તો વળી આજે સ્ત્રીઓ સરકારી બસમાં કંડકટર જેવી નોકરી પણ ગૌરવભેર કરે છે. અને અમદાવાદ જેવા મહાનગરોમાં તો હવે સ્ત્રીઓ ઓટો રીક્ષા પણ ચલાવીને કમાતી થઈ છે. સામાજિક રીતે આવેલા આ પરિવર્તનને જોઈને ગુજરાત સરકાર પણ વર્ષ - ૨૦૧૫-૧૬ ના બજેટમાં રજુ થયેલી કુલ ૫૯૩ યોજનાઓમાંથી ૧૩૨ યોજનાઓ તો માત્ર ને માત્ર મહિલાઓ માટેની હતી. જેનો કુલ અંદાજિત ખર્ચ રૂા. ૨૦૭૬ કરોડ ફાળવાયો હતો. તો વળી હવે મહિલાઓ નાના નાના ગૃહ ઉદ્યોગ અને ખેતીવાડી અને પશુપાલન જેવા વ્યવસાયમાં પણ આજે પુરુષોના ખભે ખભો મિલાવીને કામ કરે છે. સરકારે મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર અને પગભર બને એ માટે બેંકમાં ખાતું, લગ્ન વખતે મામેરું, સ્ત્રી અનામત, મફત શિક્ષણ... વગેરે અનેક યોજનાઓ દ્વારા પણ મહિલાવિકાસને વેગ આપ્યો છે.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદીની નવી ટેકનોલોજી અને ઈન્ટરનેટની નવી શોધો તથા લોકસંપર્કના - વિચાર વ્યક્ત કરવાના વધતા જતા જાહેર માધ્યમોએ પણ સ્ત્રીઓની યુગો જુની માન્યતાઓને બદલી નાખી છે. પહેલા જે ઘરના, સમાજના બંધનો, માન મર્યાદા, લાજ શરમના આવરણો કે સ્ત્રી ચારિત્ર્યનો ખોટો ભય હતો તે હવે લૂપ્ત થવાને આરે છ